ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

# સાબરકાંઠા - અરવલ્લી

તા. ૫-૨-૨૦૨૨, શનિવાર ૫

હિંમતનગર | મોડાસા | બાયડ | ભીલોડા | ખેડબ્રહ્મા | તલોદ | શામળાજી | પ્રાંતિજ | ધનસુરા | પોશીના | હરસોલ | ઈડર | વિજયનગર | માલપુર | મેઘરજ | વડાલી | ખંભીસર

# સાબરકાંઠા-અરવલ્લીમાં ફરી ઠંડીનો ચમકારો

## બે દિવસની રાહત પછી ઠંડી પાછી ફરી : લગ્નના અવસર દરમ્યાન કાતિલ ઠંડીની આગાહી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

સાબરકાંઠા-અરવલ્લીમાં ગતરોજ સુસવાટા મારતા પવન સાથે ફરી ઠંડીનો ચમકારો શરૂ થયો છે. માંડ બે દિવસ રાહત મળી અને ઠંડી પાછી ફરી છે. હવામાન વિભાગની આગાહી મુજબ લગ્નના અવસર દરમ્યાન કાતિલ ઠંડીની આગાહી થતાં ફરી એકવાર તાપણાં દેખાઈ શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લામાં કમોસમી માવઠાની દહેશત વચ્ચે વાદળો વિખેરાતા ખેડુતોને રાહત થઈ છે. વાદળોના કારણે લગ્નના અવસરો ઉપર માવઠાનું સંકટ મંડરાયું પરંતુ કુદરતે લગ્નના યજમાનોની પ્રાર્થના સાંભળી હોય તેવું જણાયું. જ્યારે સરકારે પણ કોરોનાનું સંક્રમણ ઘટતાં લગ્નના અવસરોમાં ૩૦૦ લોકો માટે છૂટછાટ આપતાં સરકારના રાજીપાથી લગ્નના અવસર આયોજીત થયા છે તેવા અનેક પરીવારોમાં ખુશાલી જોવા મળી. શુક્રવારે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી રહ્યું હતું. જ્યારે અરવલ્લીની ગીરીકંદરા વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રી થતાં આવા વિસ્તારોમાં ઠંડીની તિવ્રતા વધુ જણાઈ. આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાન ૮ ડિગ્રીથી પણ નીચે જવાની આગાહી થઈ છે.





પ્રાપ્ત જાણકારી અનુસાર નવા અંગ્રેજી વર્ષના પ્રારંભથી કોરોના અને બેવફા બનતો હવામાન પ્રજા અને ખેડુતોને પરેસાન કરી રહ્યું છે. વારંવાર હવામાન પલટાવથી ખેડુતોને આર્થિક નુકસાન સહન કરવું પડતું હોય છે અને પાકમાં રોગચાળો વકરે એટલે પાક ઉત્પાદનને મોટો ફકટો પડતો હોય છે. જાન્યુઆરી મહિનામાં બે કમોસમી માવઠાંએ ખેડુતોને પરેસાન કરી મુક્યા હતા અને ખેતીપાકમાં રોગચાળો વકર્યો હતો અને હવે ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં જ માવઠાની ચિંતા હાવી થઈ છે.

રાજ્યના હવામાન વિભાગે કમોસમી માવઠું વરસે તેવી આગાહી કરી હતી તે મુજબ તા.૩ ફેબ્રુઆરીના રોજ સવારે જિલ્લાના આકાશમાં કાળા ડિબાંગ વાદળોએ જમાવટ કર્યા પછી ખેડુતોની ચિંતા વધી છે. કમોસમી માવઠું ન વરસે તો પણ ખેતીના પાકમાં રોગચાળો વકરે તેવી દહેશત ખેડુતોને સતાવી રહી છે. જ્યારે આવતીકાલથી તા.૧૦ ફેબ્રુઆરી સુધી લગ્નના અવસરો શરૂ થઈ રહ્યા છે તેવા સમયે હવામાન કથડતાં અનેક પરીવારો અને સબંધીઓ ચિંતીત બન્યા છે. હવામાન કથડતાં ઠંડી ગાયબ થઈ છે પરંતુ તા.૬ ફેબ્રઆરીથી કડકડતી ઠંડીનો રાઉન્ડ શરૂ થશે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે.

# બાયડ-મોડાસા પ્રાંત ઓફિસરની બદલી, અગાઉ ચલાવેલા કેસની પુનઃ સમીક્ષા જરૂરી

## રાજ્યના ૧૩૪ નાયબ કલેક્ટરોની સાગમટે બદલી

બાયડ તા.૦૪

રાજ્યના મહેસુલ વિભાગ દ્વારા ડે.કલેક્ટર કક્ષાના ૧૩૪ અધિકારીઓની બદલીના આદેશ કરતા કહી ખુશી કહી ગમના દશ્યો સામે આવ્યા છે. બાયડ-મોડાસા પ્રાંત ઓફિસરની અન્ય જિલ્લામાં બદલી કરવામાં આવી છે. પ્રાંત અધિકારીમાં ચાલતાં વિવાદાસ્પદ કેસની પુનઃ સમીક્ષા થાય તેવી અનેક અરજીઓ રાજ્ય સરકારમાં કેટલાંક અરજદારોએ મોકલી છે અને ખાસ કરીને જમીન સબંધી કેસમાં મોટાપાયે ખોટું થયાના આરોપ લાગ્યા છે.બાયડ પ્રાંત ઓફિસર તરીકે ખેડા જિલ્લા પુરવઠા અધિકારી બી.એ.પટેલની નિયુક્તિ કરવામાં આવી છે જ્યારે મોડાસા પ્રાંત અધિકારી તરીકે સમી પ્રાંત ઓફિસર અમિત પરમારની નિયુક્તિ થયાનું સુત્રોએ જણાવ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાની પ્રાંત કચેરીઓમાં ચાલતા અનહદ ભ્રષ્ટ્રાચાર અંગે છેલ્લા પાંચ-છ વર્ષથી ગંભીર ફરીયાદ અનેક અરજદારોએ જિલ્લા કલેક્ટર અને રાજ્યના મહેસુલ વિભાગને કરી છે પરંતુ અરજદારોને કોઈ ન્યાય મળતો નથી અને ખાસ કરીને જમીન સબંધિત ચુકાદામાં ચોઈલા, તેનપુર સહિતના ખેડૂતોએ ઉચ્ચ કક્ષાએ ફરીયાદો કરી ન્યાયિક તપાસની માંગ કરી હતી. જ્યારે જિલ્લામાં અનેક દલાલો પણ લાંબા સમયથી સક્રિય હતા ત્યારે રાજ્ય સરકાર દ્વારા વહિવટમાં ગતિ લાવવા માટે સાગમટે મોટાભાગના પ્રાંત અધિકારીના બદલીના આદેશ કરવામાં આવ્યા છે જેમાં બાયડ અને મોડાસા પ્રાંત અધિકારીની પણ બદલી કરવામાં આવી છે. નવી સરકારે અધિકારીઓને સ્પષ્ટ મેસેજ આપ્યો છે કે પ્રજાના કામ ઝડપી કરો અને પારદર્શક વહિવટની પ્રતિતિ કરાવો. આવનારા દિવસોમાં જિલ્લાના પોલિસબેડામાં પણ સાફસૂફીના સંકેત દેખાઈ રહ્યા છે.



# લગ્નસરાના અવસર, તેલના ભાવમાં ભડકો

## જિલ્લામાં કપાસીયા તેલના ભાવ વધતાં ભોજન ડીશ મોંઘી થશે : કોરોનાના કારણે બેહાલ પ્રજાને મોંઘવારીનો વધુ એક ડંખ

બાયડ, તા. ૪

જિલ્લામાં આવતીકાલથી લગ્નસરાના અવસર શરુ થઈ રહ્યા છે ત્યારે કપાસીયા તેલના ડબ્બા દીઠ રૂ. ૧૫ નો વધારો થતાં ભોજન ડીશ મોંઘી થવાની સાથે ફરસાણ વધુ મોંઘુ થશે. કોરોનાના કારણે બેહાલ પ્રજાને મોંઘવારીનો એક વધુ ડંખ લાગ્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર રસોડામાં તેલનું પણ આગવું મહત્વ રહેલું છે. ચટાકેદાર રસોઈ માટે મસાલાની જેમ તેલ પણ ઘણું મહત્વનું હોય છે ત્યારે આયાત થતું પામ તેલ મોંઘુ થતાં સીંગતેલ અને કપાસીયાના ભાવમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. થોડાક સમય માટે તેલમાં ભાવ સ્થિર રહેતાં નવેમ્બર-ડિસેમ્બર અને જાન્યુઆરીના ત્રીજા સપ્તાહમાં યોજાયેલા લગ્નો સમયે રસોડાના બજેટ ઉપર કોઈ મોટી આડઅસર જોવા મળી ન હતી પરંતુ હવે તેલના ભાવમાં ભડકો થઈ રહ્યો છે.

કપાસીયા તેલનો ડબો ૨૨૦૦નો ભાવ હતો તે હવે ૧૫ના વધારા સાથે ૨૨૧૫ ઉપર પહોંચ્યો છે જે આગામી સપ્તાહમાં જ ૨૨૪૦ને સ્પર્શે તેવી દહેશત સેવાય છે. જ્યારે પામોલીન તેલ ઉપરાંત વનસ્પતિ ઘી ના ભાવમાં પણ વધારો થઈ રહ્યો છે તે જોતાં આગામી લગ્નોમાં તેલનો ભાવ વધારો અનેક પરિવારોને દઝાડી શકે છે.

સરકાર વધતા ભાવ વધારા ઉપર અંકુશ લાવવા માટે યોગ્ય પ્રયાસ નહીં કરે તો તેલીયા રાજાઓની મનમાની સામે પ્રજા મોંઘવારીનો આક્રોશ ઠાલવે તે દિવસો દૂર નથી.

# ઓછી ગ્રાન્ટ અને આપવામાં અનિયમિતતા, ઓછા બાળકો, સ્વચ્છતાનો ઓછો ખર્ચ, નવો માપદંડ

## ઉત્તર ગુજરાતની સરકારી પ્રા.શાળાઓમાં સ્વચ્છતા માટેની આચમનરૂપ ગ્રાન્ટ ફાળવવાના નિયમથી રોષ

## રૂા.૧૦૦૦માં આખો મહિનો સફાઈ કરાવવી જ કઈ રીતે, શિક્ષકોને જાતે સાવરણી હાથમાં લેવી પડે તેવી સ્થિતિ

બાયડ તા.૦૪

સ્વચ્છતા અભિયાન પાછળ સરકાર દ્વારા કરોડોનો ખર્ચ કરાઈ રહ્યો છે ત્યારે સ્વચ્છતાની સારી તાસિર ઉભી કરવામાં સરકારી પ્રા.શાળાઓનું મોટું યોગદાન રહેલું છે ત્યારે પ્રા.શાળાઓમાં બાળકોની સંખ્યાને આધારે સ્વચ્છતાના ખર્ચની ગ્રાન્ટ આપવાનો નિર્ણય કરાતાં મુખ્ય શિક્ષકો સહિત પ્રા.શિક્ષકોને જાતે જ સાવરણા હાથમાં લઈ વર્ગખંડ, મેદાન અને સંડાસ-બાથરૂમ સાફ કરવા નિકળવું પડે તેવી સ્થિતિ સામે આવી છે. ૧૦૦ થી ઓછી સંખ્યા હોય તેવી પ્રા.શાળાઓમાં સ્વચ્છતા અભિયાન માટે માત્ર રૂા.૧૦૦૦ની ગ્રાન્ટ આચમનરૂપ પૂરવાર થઈ શકે છે. સરકાર શાળાઓની સફાઈ માટે ગ્રાન્ટ ફાળવણીમાં ઉપકાર કરતી હોય તેવી સ્થિતિ છે.

છેલ્લા ૪-૫ મહિનાથી ગ્રાન્ટ પણ અનિયમિત હોવાનો સુર ઉઠ્યો છે.

સરકાર આદુ ખાઈને પ્રા.શિક્ષણ પાછળ પડી હોય તેવો નજારો છેલ્લા ૩ વર્ષથી જોવા મળી રહ્યો છે. પ્રા.શિક્ષકો કામચોર હોય તેવી છાપ ઉભી કરાતાં પ્રા.શિક્ષકો પણ સરકાર અને તેમના કહ્યાગરા અધિકારીઓની તિકડમબાજીથી ત્રાસી ઉઠ્યા છે. સરકારી બહુમાળી ભવન, મામલતદાર, તાલુકા પંચાયત કચેરી સહિતના સરકારી બિલ્ડીંગોમાં સફાઈ પાછળ દર મહિને લાખો રૂપિયાનો ખર્ચ થાય છે અને તેમ છતાં પણ સ્વચ્છતાના લીરેલીરા ઉડતા હોય તેવા દ્રશ્યો સામે આવતા હોય છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાની ૯૫૦૦ થી વધુ સરકારી પ્રા.શાળાઓમાં સ્વચ્છતા માટે વિદ્યાર્થીઓની સંખ્યાને આધારે ગ્રાન્ટ ફાળવવાના નિર્ણયથી પ્રા.શિક્ષકો સમસમી ઉઠ્યા છે. વડાપ્રધાન દ્વારા વર્ષ-૨૦૧૪ થી સ્વચ્છતા અભિયાનને અગ્રતા આપવામાં આવી છે જેના કારણે અનેક ગામોમાં સ્વચ્છતા બાબતે જાગૃતતા દેખાઈ છે અનેક પાલિકાઓ સ્વચ્છતાના એવોર્ડ જીતી રહી છે.

ત્યારે સ્વચ્છતા માટે વધુ ગ્રાન્ટ ફાળવવાના બદલે સરકારે પ્રા.શાળાઓમાં જ સ્વચ્છતા અભિયાનને ગળે ટૂંપો દેવા માટે ઓછી ગ્રાન્ટ ફાળવવાનું તુત શરૂ કર્યું છે જેમાં ૧૦૦ થી ઓછા વિદ્યાર્થીઓ હોય તે શાળાને દર મહિને રૂા.૧૦૦૦, ૩૦૦ થી ઓછા વિદ્યાર્થીઓ હોય ત્યાં રૂા.૧૮૦૦ અને ૪૦૦ થી વધુ વિદ્યાર્થીઓ હોય ત્યાં રૂા.૪૦૦૦ જેટલી ગ્રાન્ટ આપવામાં આવે છે. ઓછી વિદ્યાર્થી સંખ્યા હોય પરંતુ સફાઈમાં કોઈ ફેર પડતો નથી જે સફાઈ કરવી પડે તે કરવી જ પડતી હોય છે તો પછી સ્વચ્છતાના માપદંડમાં ગ્રાન્ટમાં ભેદભાવ કેમ..??

### મુખ્ય શિક્ષક-સફાઈ કર્મીઓ વચ્ચે સંઘર્ષના એંધાણ..

ઓછી વિદ્યાર્થી સંખ્યા ધરાવતી શાળાઓમાં સ્વચ્છતા માટે રૂા.૧૦૦૦ની ગ્રાન્ટ અપાતાં ઉત્તર ગુજરાતના ૪૭ તાલુકાની અનેક સરકારી પ્રા.શાળાઓમાં મુખ્ય શિક્ષક અને સફાઈ કર્મીઓ વચ્ચે સંઘર્ષના મંડાણ થઈ ગયા છે કારણ કે સફાઈ કર્મી સ્વચ્છતા માટે વધુ મહેનતાણાની માંગ કરે છે પરંતુ શિક્ષકોને ગ્રાન્ટ જ આચમનરૂપ મળતી હોય તો તેઓ વધુ રકમ કેવી રીતે આપી શકે..??

### પ્રા.શાળાઓમાં સેવકોની ભરતી થાય તો બેરોજગારી ઘટે

ઉત્તર ગુજરાતની ૯૨૦૦ થી વધુ સરકારી પ્રા.શાળાઓમાં સ્વચ્છતા માટે આચમનરૂપ ગ્રાન્ટ આપવામાં આવે છે અને હવે વિદ્યાર્થીઓની સંખ્યા આધારે સફાઈ ગ્રાન્ટ ફાળવવાનો પરીપત્ર થયા પછી મુખ્ય શિક્ષકો અને પ્રા.શિક્ષકોમાં રોષ વ્યાપ્યો છે. પ્રા.શાળાઓમાં સરકાર દ્વારા સેવકોની ભરતી થાય તો શાળાઓ અને શૌચાલયોની સાફ-સફાઈની જવાબદારીમાંથી શિક્ષકોને મુક્તિ મળે અને હજારો બેરોજગારોને કરાર આધારીત સેવક તરીકેની નોકરી મળશે. સરકારે આ બાબતે વિચારવું જોઈએ.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં આધુનિક ગ્રીનહાઉસ ખેતીનો સંકેલો

## યોગ્ય બજાર ન મળતાં ૭૦૦ થી વધુ ગ્રીનહાઉસની ખેતી સમેટાઈ

બાયડ તા.૦૪

રાજ્ય સરકાર ખેડૂતો આધુનિક ગ્રીનહાઉસની ખેતી અપનાવે તેવા પ્રયાસો ભલે કરતી હોય પરંતુ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં શરૂઆતમાં ગ્રીન હાઉસમાં નસીબ અજમાવનાર ખેડૂતોને આધુનિક ખેતીથી મોહભંગ થયો છે. યોગ્ય બજાર ન મળતાં બંન્ને જિલ્લામાં અંદાજીત ૭૦૦ થી વધુ ગ્રીનહાઉસનો સંકેલો વળ્યો છે. જિલ્લામાં અનેક પ્રગતિશીલ ખેડૂતોએ ખેતરોમાં ગ્રીનહાઉસ ઉભા કરી કેપ્સીકમ તેમજ શાકભાજીની ખેતીમાં ઝંપલાવ્યું હતું પરંતુ છેલ્લા કેટલાય સમયથી ગ્રીનહાઉસમાં તૈયાર થતી પાક ઉપજના પોષણક્ષમ ભાવો મળતા ન હોવાથી ખેડૂતોને આધુનિક ખેતીથી મોહભંગ થયા પછી ગ્રીનહાઉસ સંકેલી ખેડૂતો પરંપરાગત ખેતી શરૂ કરી છે.

જિલ્લાના ખેડૂતો દરેક સીઝનની ખેતીમાં તનતોડ મહેનત કરી હંમેશાં આધુનિક પદ્ધતિથી બદલાવ લાવવાના પ્રયાસ કરતા હોય છે. જિલ્લામાં પરંપરાગત સિંચાઈ પદ્ધતિથી પાણીનો દુરૂપયોગ ખેતીમાં વધુ થતો હોવાથી મોટાભાગના ખેડૂતો ટપક સિંચાઈ તેમજ ફુંવારા પદ્ધતિથી સિંચાઈનાં પાણી આપવા લાગ્યા છે. રાજ્ય સરકારે પણ ખેતીમાં આમુલ પરીવર્તન લાવવાના આશય સાથે સબસીડી સાથે કેટલીક રાહતો આપતાં જિલ્લામાં અસંખ્ય ખેડૂતોએ બેન્કમાંથી લોન લઈ આધુનિક ગ્રીનહાઉસ પદ્ધતિમાં ખેતી શરૂ કરી હતી પરંતુ શરૂઆતમાં યોગ્ય બજાર મળ્યા પછી પાછલા ૬-૭ વર્ષોથી ગ્રીનહાઉસમાં તૈયાર થતી ઉપજ માટે યોગ્ય બજાર મળતું નથી જેથી ગ્રીનહાઉસમાં નસીબ અજમાવનારા ખેડૂતોને પોતે જ તૈયાર કરેલ શાકભાજી સહિતની ઉપજ વેચવા માટે ગામે ગામ ટ્રેક્ટરો લઈને ફરવું પડે તેવા દિવસ શરૂ થતાં આધુનિક ખેતીથી ખેડૂતોને મોહભંગ થવા લાગ્યો છે. જિલ્લામાં શરૂઆતમાં જ ગ્રામ્ય વિસ્તારોના ખેતરોમાં યુદ્ધના ધોરણે ગ્રીનહાઉસ ઉભો થયા પછી ધીરે ધીરે ગ્રીનહાઉસની ખેતી વિસારે પડી રહી છે. એક અંદાજ મુજબ ૭૦૦ થી પણ વધુ ગ્રીનહાઉસની ખેતી ખેડૂતોએ સંકેલી લીધી છે. મોટું મૂડી રોકાણ, બેન્કનું કર્જ અને તેમાંય યોગ્ય ભાવ ન મળતાં અસંખ્ય ખેડૂતો ગ્રીનહાઉસની ખેતી અપનાવી મનોમન પસ્તાઈ રહ્યા છે.

### ગ્રીનહાઉસમાં સબસીડી ઉસેળવાનું કૌભાંડ..!!

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાંથી આધુનિક ગ્રીનહાઉસ ખેતીનો સંકેલો વળવા લાગ્યો છે. શરૂઆતમાં મોટાઉપાડે ખેતરોમાં ગ્રીનહાઉસ ઉભા કરાયા પછી આધુનિક ખેતીના વળતા દિવસ ઠેકઠેકાણે જોવા મળી રહ્યા છે જેમાં ગ્રીનહાઉસ ઉભા કરવામાં મોટાપાયે સબસીડી ઓહીયા કરવાનું વ્યવસ્થિત કૌભાંડ આચરાયાની આશંકા વ્યક્ત થઈ રહી છે.

ગ્રીનહાઉસની ખેતી માટે રાજ્ય સરકાર સબસીડીનો મહત્તમ લાભ આપતી હોવાથી કેટલાક વચેટીયાઓએ ખેડૂતોને મને ક મને ગ્રીન હાઉસ ખેતી માટે તૈયાર કરી પોતાનો સ્વાર્થ સાધી લીધો હોવાનું ખેડૂતોમાં દબાતા સ્વરે સાંભળવા મળી રહ્યું છે. આધુનિક ખેતીમાં ખેડૂતોનો ઉદ્ધાર થયો નથી પરંતુ ખેડૂતોને લીલાંછમ ચશ્માં પહેરાવનારાઓનું જરૂર કલ્યાણ થયું છે તે કહેવું યોગ્ય લેખાશે. ટૂંકમાં એક પછી એક વિસ્તારોમાંથી ગ્રીનહાઉસની ખેતી બંધ થવા લાગી છે.

# આધારકાર્ડ માટે દેશભરમાં એક જ હેલ્પલાઈન નંબર

## ઉત્તર ગુજરાતમાં અરજદારોની ફરિયાદ સાંભળનારૂ કોઈ નથી..!!

દેશભરમાં આધારકાર્ડ માટે એક જ હેલ્પલાઈન નંબર હોવાથી અરજદારો મુશ્કેલી અનુભવી રહ્યા છે. ઉત્તર ગુજરાતમાં આધારકાર્ડની કામગીરી માટે અરજદારો હેલ્પલાઈન નંબર ૧૯૪૭ ઉપર સંપર્ક કરવા પ્રયત્ન કરે છે પરંતુ હેલ્પલાઈન સતત વ્યસ્ત રહેતો હોવાના કારણે આધારકાર્ડ ઝંખતા અરજદારો નિરાધાર હોય તેવું ચિત્ર ઉપસતું હોય છે. અનેક ફરિયાદો અવાર નવાર ઉઠતી હોય છે. આધાર સેન્ટર પર આધારકાર્ડ બનાવવાની પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી પણ સમયસર આધારકાર્ડ મળતા ન હોવાની વ્યાપક ફરિયાદો સામે આવતી હોય છે. અરજદારો સેન્ટરમાં જાય તો યોગ્ય રીતે જવાબ આપવામાં આવતા નથી. જ્યારે દેશભરમાં ફક્ત એક જ હેલ્પલાઈન નંબર હોવાથી અરજદારો ત્રાહીમામ પોકારી ગયા છે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં આધાર સેન્ટરો કાર્યરત છે પરંતુ કોઈ કિસ્સામાં આધારકાર્ડ ઈસ્યુ થયું ન હોય અને હેલ્પલાઈન નંબર ઉપર સંપર્ક કરવામાં આવે ત્યારે સંપર્ક થઈ શક્તો જ નથી. આખા દેશમાં એક જ હેલ્પલાઈન નંબર હોવાના કારણે આ સ્થિતિ ઉદ્દભવતી હોય છે. જ્યારે આધારકાર્ડ માટે એક થી વધુ વખત જે તે સેન્ટરના ધક્કા ખાવા છતાં અરજદારોને યોગ્ય જવાબ આપવામાં આવતા નથી. જ્યારે સાયબર કાફેમાં આધાર મુદ્દે પ્રયાસ કરવા જતાં એરર આવતી હોય છે. જેના કારણે અરજદારોને મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે.

# સાબરકાંઠામાં કોરોનાના નવા ૬૭ પોઝિટિવ કેસ

સાબરકાંઠામાં ગુરુવારે કોરોનાના નવા ૬૭ નવા પોઝિટિવ કેસ સાથે જિલ્લામાં એક્ટિવ કેસની સંખ્યા ૪૬૭ ઉપર પહોંચી છે. કોરોના સંક્રમણ ધીમું પડ્યાના દાવા વચ્ચે છેલ્લા ૨ દિવસથી જિલ્લામાં અડધી સદીથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. હિંમતનગર તાલુકામાં સૌથી વધુ ૧૮૯ એક્ટિવ કેસ નોંધાયા છે. જ્યારે પોશીના તાલુકામાં કોરોના સંક્રમણ કાબુમાં આવતું હોય તેમ માત્ર ૮ એક્ટિવ કેસ નોંધાયા છે. લગ્નસરાની સીઝન આવતી કાલથી પૂરબહાર ખીલી રહી છે ત્યારે કોરોના અંકુશમાં આવવાના બદલે ફરીથી જિલ્લામાં સંક્રમિત દર્દીખોની સંખ્યામાં વધારો થતાં લગ્ન અવસરના યજમાનોની ચિંતા વધી છે. પાછલા ૨૪ ક્લાક દરમ્યાન જિલ્લાના હવામાનમાં પલ્ટાવ આવતાં વાયરલ બિમારીના કારણે કોરોનાના કેસમાં પણ ઉછાળો આવે તેવી દહેશત સેવાઈ રહી છે.